# અફઘાનિસ્તાને ભારતને આપ્યો 195 રનનો લક્ષ્યાંક

**વરસાદના** કારણે મોડી શરૂ થયેલી મેચ 25-25 ઓવરની કરાઈ

**ગુરબાઝની** તોફાની સદી ભારતના ડેબ્યુટન્ટ ગુરનૂર બ્રાર અને હર્ષ દુબેએ 3-3 વિકેટ ઝડપી






ધર્મશાલા, તા. 14 (પીટીઆઈ): શનિવારે ધર્મશાલા ખાતે વરસાદથી પ્રભાવિત પ્રથમ વનડે મેચમાં રહેમાનુલ્લાહ ગુરબાઝની શાનદાર સદી છતાં ભારતીય બોલિંગ આક્રમણ સામે અફઘાનિસ્તાનની ટીમ 194 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વરસાદના કારણે મેચ 4 કલાક અને 15 મિનિટ મોડી શરૂ થઈ હતી, પરંતુ સ્ટેડિયમની આધુનિક સબએર ડ્રેનેજ સિસ્ટમના કારણે મેચ રદ થવાને બદલે 25-25 ઓવરની કરવામાં આવી હતી.

ભારતે ટોસ જીતીને અફઘાનિસ્તાનને પ્રથમ બેટિંગ કરવા આમંત્રણ આપ્યું હતું.

ફઘાનિસ્તાનના ઓપનર ગુરબાઝે માત્ર 51 બોલમાં 8 ચોગ્ગા અને 8 છગ્ગાની મદદથી 102 રનની આક્રમક ઈનિંગ રમી હતી, જે તેની વનડે કારકિર્દીની નવમી સદી હતી. ગુરબાઝે આ ઈનિંગનો શ્રેય કોચ ગૌતમ ગંભીર પાસેથી મળેલી ટિપ્સને આપ્યો હતો. જોકે, ગુરબાઝ સિવાય અન્ય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો ન હતો. કેપ્ટન હશમતુલ્લાહ શાહિદીએ 27 રન અને અઝમતુલ્લાહ ઓમરઝઈએ 26 રન બનાવ્યા હતા. ગુરબાઝની વિકેટ પડ્યા બાદ અફઘાનિસ્તાનનો રન રેટ ધીમો પડી ગયો હતો.

ભારત તરફથી ડેબ્યુ કરનાર ફાસ્ટ બોલર ગુરનૂર બ્રારે પોતાની પ્રથમ જ ઓવરમાં ઈબ્રાહિમ ઝાદરાનની વિકેટ લઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શાનદાર શરૂઆત કરી હતી. ગુરનૂરે 145 કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે બોલિંગ કરીને 27 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. અન્ય ડેબ્યુ કરનાર ડાબોડી સ્પિનર હર્ષ દુબેએ પણ શરૂઆતમાં રન આપ્યા બાદ સારી વાપસી કરી 47 રન આપીને 3 વિકેટ લીધી હતી. આ ઉપરાંત નીતિશ કુમાર રેડ્ડીએ 2 વિકેટ અને અર્શદીપ સિંહે શરૂઆતી ઝટકા આપ્યા હતા. કેપ્ટન શુભમન ગિલે હવામાં કૂદકો લગાવીને એક હાથે પકડેલો અદ્ભુત કેચ આ મેચનું મુખ્ય આકર્ષણ રહ્યો હતો.

| અફઘાનિસ્તાન | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ગુરબાઝ બો નીતિશ | 102 | 51 | 8 | 8 |
| ઝારદાન કો ગિલ બો ગુરનુર | 1 | 4 | 0 | 0 |
| સેદિકુલ્લાહ એલબી બો અર્શદીપ | 0 | 2 | 0 | 0 |
| રહમત શાહ કો દુબે બો અર્શદીપ | 3 | 8 | 0 | 0 |
| હસમતુલ્લાહ કો રાહુલ બો દુબે | 27 | 30 | 3 | 0 |
| અઝમતુલ્લાહ સ્ટ. ઈશાન બો દુબે | 26 | 16 | 0 | 3 |
| નબી કો અર્શદીપ બો નીતિશ | 9 | 14 | 0 | 1 |
| રાશિદ બો ગુરનુર | 9 | 13 | 2 | 0 |
| ઘઝનફર કો ગિલ બો દુબે | 0 | 2 | 0 | 0 |
| ઝિયાઉર કો અર્શદીપ બો ગુરનુર | 4 | 8 | 1 | 0 |
| મોહમ્મદ સલીમ અણનમ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 12 | | | |
| કુલ 24.5 ઓવરમાં 10 વિકેટે | 194 રન | | | |

**વિકેટ પતન:** 1-13, 2-16, 3-26, 4-142, 5-144, 6-172, 7-182, 8-182, 9-193, 10-194

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 5 | 0 | 27 | 2 |
| ગુરનુર બ્રાર | 4.5 | 0 | 27 | 3 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 5 | 0 | 35 | 0 |
| હર્ષ દુબે | 5 | 0 | 47 | 3 |
| વોશિંગ્ટન સુંદર | 1 | 0 | 19 | 0 |
| નીતિશ રેડ્ડી | 4 | 0 | 31 | 2 |

# પાકિસ્તાન સામે મજબૂત શરૂઆત કરવા ભારત તૈયાર

**મહિલા** ટી-20 વર્લ્ડકપમાં મજબૂત શરૂઆત માટે સ્મૃતિ અને શેફાલીએ સારી બેટિંગ કરવાની જરૂર

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયોહોટસ્ટાર પર સાંજે 7 વાગ્યાથી




બર્મિંઘમ, તા. 13 (પીટીઆઇ): રવિવારે રમાનારી ICC મહિલા T20 વર્લ્ડકપની મેચમાં સંતુલિત ભારતીય ટીમ પાકિસ્તાન સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ માટે ઓપનર્સ સ્મૃતિ મંધાના અને શેફાલી વર્મા સારી શરૂઆત અપાવે તે ખૂબ મહત્વનું છે, કારણ કે બંને ખેલાડીઓ છેલ્લા થોડા સમયથી મોટી ઇનિંગ્સ રમવામાં સંઘર્ષ કરી રહી છે.

ગયા વર્ષે 50 ઓવરનો વર્લ્ડકપ જીત્યા બાદ ભારત હવે બીજો વૈશ્વિક ખિતાબ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. પાકિસ્તાન સામે ભારતનો રેકોર્ડ ખૂબ જ શાનદાર રહ્યો છે. આ ફોર્મેટમાં બંને ટીમો વચ્ચે રમાયેલી મેચોમાં ભારત 13-3થી આગળ છે. છેલ્લે દુબઈમાં રમાયેલા T-20 વર્લ્ડકપમાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું હતું.

ભારતીય મિડલ ઓર્ડરમાં કેપ્ટન હરમનપ્રીત ઉપરાંત જેમિમાહ રોડ્રિગ્સ, રિચા ઘોષ અને દીપ્તિ શર્મા પર રન બનાવવાની મોટી જવાબદારી રહેશે. જોકે છેલ્લે દ. આફ્રિકા અને ઈંગ્લેન્ડ સામે કેટલીક શાનદાર અડધી સદી ફટકારી હરમનપ્રીત ફોર્મમાં પરત ફરી છે જે ભારતીય ટીમ માટે સારા સંકેત છે. બીજી તરફ, પાકિસ્તાનની ટીમ તેની 24 વર્ષની કેપ્ટન ફાતિમા સના પર વધુ નિર્ભર રહેશે, જેણે તાજેતરમાં જ ઝિમ્બાબ્વે સામે માત્ર 15 બોલમાં સૌથી ઝડપી અર્ધસદી ફટકારી હતી. ભારતીય બોલિંગ લાઇન-અપ ઈજાગ્રસ્ત અમનજોત કૌર અને કાશવી ગૌતમ વગર મેદાનમાં ઉતરશે.

# IPLમાં વિદેશી ખેલાડીઓની ઉપલબ્ધતા મુદ્દે BCCI દખલગીરી કરશે નહીં

**સ્ટાર્ક** અને હેઝલવુડ જેવા ખેલાડીઓ ઈજાને કારણે ટુર્નામેન્ટના પ્રથમ ભાગમાં ગેરહાજર રહ્યા હતા

**ખેલાડીઓ** અને ટીમ વચ્ચે મધ્યસ્થી કરવાની BCCIની કોઈ યોજના નથી







ધર્મશાલા, તા. 13 (પીટીઆઈ): તાજેતરમાં પૂરી થયેલી IPL સીઝન દરમિયાન ફ્રેન્ચાઈઝીઓ દ્વારા વિદેશી ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હોવા છતાં, BCCI ખેલાડીઓ અને ટીમ વચ્ચે મધ્યસ્થી કરવાની કોઈ યોજના ધરાવતું નથી. BCCIનું માનવું છે કે આ વિષય ખેલાડી અને તેની ફ્રેન્ચાઈઝી વચ્ચેનો છે, કારણ કે તેઓ જ ખેલાડીઓના સંરક્ષક છે.

હાલમાં હરાજી બાદ ટુર્નામેન્ટમાંથી નામ પાછું ખેંચનાર વિદેશી ખેલાડીઓ પર બે વર્ષનો પ્રતિબંધ લાદવાનો કડક નિયમ અમલમાં છે, જે બોર્ડના મતે પૂરતો છે. મિચેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ જેવા ખેલાડીઓ ઈજાને કારણે ટુર્નામેન્ટના પ્રથમ ભાગમાં ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ, રાજસ્થાન રોયલ્સનો સેમ કરન ઈજાનું કારણ આપીને આઈપીએલ છોડ્યા બાદ ઈંગ્લેન્ડમાં રમતા જોવા મળ્યો હતો જેના પર ટીમના કોચ કુમાર સંગાકારાએ નિરાશા વ્યક્ત કરી હતી.

BCCI હરાજીની રકમ (પર્સ) માં પણ કોઈ મોટો વધારો કરવાના પક્ષમાં નથી. બોર્ડનું માનવું છે કે વધુ નાણાં હોવાથી હરાજીમાં અતાર્કિક બોલી લાગી શકે છે. આ ઉપરાંત, વર્ષ 2028થી મેચોની સંખ્યા 74થી વધારીને 94 કરવાની યોજના છે, જેના માટે માર્ચના પ્રથમ સપ્તાહથી મે મહિનાના મધ્ય સુધીનો સમયગાળો સૌથી શ્રેષ્ઠ માનવામાં આવી રહ્યો છે. ઈન્ડિયા અને અફઘાનિસ્તાન વચ્ચેની તાજેતરની એકમાત્ર ટેસ્ટ મેચમાં ખાલી સ્ટેન્ડ જોવા મળ્યા હતા, જે દ્વિપક્ષીય શ્રેણીના ઘટતા મૂલ્ય તરફ ઈશારો કરે છે.

# મહિલા ટી-20 વર્લ્ડકપ: ઈંગ્લેન્ડે શ્રીલંકાને હરાવ્યું

**ડેની** વ્યાટની શાનદાર સદીની મદદથી ઈંગ્લેન્ડે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી મોટો સ્કોર 219 રન બનાવ્યા

**શ્રીલંકાની** ટીમ 132 રન જ બનાવી શકી




બર્મિંઘમ, તા. 13 (એપી): શુક્રવારે એજબેસ્ટન ખાતે રમાયેલી મહિલા T-20 વર્લ્ડકપની મેચમાં યજમાન ઈંગ્લેન્ડે શ્રીલંકાને 87 'રન'થી હરાવીને શાનદાર શરૂઆત કરી છે. ઈંગ્લેન્ડે આ ટુર્નામેન્ટના ઈતિહાસનો સૌથી મોટો સ્કોર 1 વિકેટે 219 રન નોંધાવ્યો હતો, જેના જવાબમાં શ્રીલંકાની ટીમ 132 'રન' જ બનાવી શકી હતી.

ઈંગ્લેન્ડની આ ઐતિહાસિક જીતની સ્ટાર ઓપનર ડેની વ્યાટ-હોજ રહી હતી, જેણે માત્ર 62 બોલમાં અણનમ 105 રન ફટકાર્યા હતા. આ તેની કારકિર્દીની ત્રીજી T-20 સદી હતી. તેણે એમી જોન્સ (53 રન) સાથે મળીને 135 રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી, જે ઈંગ્લેન્ડ માટે વર્લ્ડકપની સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી છે. કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટે પણ અણનમ 46 રન બનાવ્યા હતા આ સાથે જ તેણે ટી-20 વર્લ્ડકપમાં 784 રન બનાવી ઈંગ્લેન્ડ માટે કેપ્ટન તરીકે ટી-20 વર્લ્ડકપમાં સૌથી વધુ રન કરનાર ખેલાડી બની હતી, આ પહેલા ભૂતપૂર્વ કેપ્ટન શાર્લોટે એડવર્ડે કુલ 768 રન બનાવ્યા હતા.

બોલિંગમાં ડાબોડી પેસર ફ્રેયા કેમ્પે તરખાટ મચાવતા 21 'રન' આપીને 4 'વિકેટ' ઝડપી હતી, જે તેની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. વ્યાટ-હોજે આ સદી પોતાની પુત્રી ડેઝીને સમર્પિત કરી હતી. હવે શનિવારે આયર્લેન્ડ વિ. સ્કોટલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વિ. દક્ષિણ આફ્રિકા જેવી મહત્વની મેચો રમાશે.

# પરાગ્વે સામે 4-1થી વિજય મેળવી અમેરિકાની ધમાકેદાર શરૂઆત

**અમેરિકાની** વર્લ્ડકપમાં આ સૌથી મોટી જીત બાલોગુન પાસે રમવા માટે 3 દેશોનો વિકલ્પ હતો તેણે અમેરિકા પસંદ કર્યું અને ડેબ્યું મેચમાં બે ગોલ કર્યા

**મેચ** જોવા બિલ ગેટ્સ, લિયોનાર્ડો ડિકાપ્રિયો અને ડેવિડ બેકહામ જેવી હસ્તીઓ પણ હાજર હતી



ઈંગ્લેવુડ (યુએસએ), તા. 13 (એપી): અમેરિકાએ 32 વર્ષ પછી પોતાની ધરતી પર રમાઈ રહેલા ફૂટબોલ વર્લ્ડકપની ધમાકેદાર શરૂઆત કરી છે. શનિવારે લોસ એન્જલસના સોફી સ્ટેડિયમમાં 70,492 'ચાહકો'ની હાજરીમાં રમાયેલી મેચમાં અમેરિકાએ પરાગ્વેને 4-1થી હરાવ્યું હતું. વર્લ્ડકપના ઇતિહાસમાં અમેરિકાની આ સૌથી મોટી જીત છે, જેમાં પ્રથમ વખત ટીમે એક જ મેચમાં 4 'ગોલ' કર્યા છે.

મેચની શરૂઆતથી જ નવો કોચ મૌરિસિયો પોચેટિનોની સિસ્ટમમાં અમેરિકાએ આક્રમક રમત બતાવી હતી. મેચની 7મી મિનિટે ક્રિશ્ચિયન પુલિસિકના શાનદાર પાસને રોકવાના પ્રયાસમાં પરાગ્વેના મિડફિલ્ડર ડેમિયન બોબાડિલા તરફથી ઓન-ગોલ થતા અમેરિકાને 1-0ની લીડ મળી હતી. ત્યારબાદ 24 'વર્ષ' ના સ્ટ્રાઈકર ફોલારિન બાલોગુને મેચની 31મી મિનિટે અને પહેલા હાફના ઇન્જરી ટાઇમમાં શાનદાર ગોલ કરીને અમેરિકાને 3-0થી આગળ કરી દીધું હતું. બાલોગુન 1930 પછી વર્લ્ડકપની ડેબ્યુ મેચમાં 2 'ગોલ' કરનાર પ્રથમ અમેરિકન ખેલાડી બન્યો છે.

બાલોગુન ઈંગ્લેન્ડ, નાઈજીરિયા અને અમેરિકા ત્રણ દેશોમાંથી કોઈ પણ એક દેશ માટે રમી શક્યો હોત. તેણે અમેરિકાને પસંદ કર્યું, અને ઘરઆંગણે વર્લ્ડકપમાં તેનો આ નિર્ણય સફળ સાબિત થયો.

બીજા હાફમાં પરાગ્વે તરફથી 1 'ગોલ' થયો હતો, પરંતુ મેચના અંતિમ સમયમાં જીઓ રેયનાએ અમેરિકા માટે ચોથો 'ગોલ' કરીને જીત પાકી કરી દીધી હતી. આ મેચ જોવા માટે બિલ ગેટ્સ, લિયોનાર્ડો ડિકાપ્રિયો અને ડેવિડ બેકહામ જેવી હસ્તીઓ પણ સ્ટેડિયમમાં હાજર રહી હતી.



# કેનેડા અને બોસ્નિયા વચ્ચેની મેચ 1-1થી ડ્રો થઇ

**લારિને** 78મી મિનિટે ગોલ કરીને કેનેડાને હારથી બચાવ્યું

**વર્લ્ડકપ** ઈતિહાસમાં કેનેડાનો આ પ્રથમ પોઈન્ટ છે

ટોરંટો, તા. 13 (એપી): શનિવારે ટોરોન્ટોમાં રમાયેલી ફૂટબોલ વર્લ્ડકપની પોતાની પ્રથમ મેચમાં કેનેડાએ બોસ્નિયા-હર્ઝેગોવિના સામે 1-1થી ડ્રો રમીને વર્લ્ડકપના ઇતિહાસમાં પોતાનો પ્રથમ 'પોઇન્ટ' મેળવ્યો છે. કેનેડાની ધરતી પર રમાયેલી આ પ્રથમ મેચ જોવા માટે સ્ટેડિયમમાં 43,000 ચાહકો હાજર રહ્યા હતા.

મેચની શરૂઆતમાં બોસ્નિયાની ટીમે દબદબો બનાવ્યો હતો. મેચની 21મી મિનિટે જોવો લુકિચે કોર્નર કિક પર શાનદાર હેડર લગાવીને ગોલ કર્યો હતો અને બોસ્નિયાને 1-0થી આગળ કરી દીધું હતું. આ લુકિચનો આંતરરાષ્ટ્રીય સ્તરે પહેલો 'ગોલ' હતો. પરંતુ બીજા હાફમાં કેનેડાએ જોરદાર વાપસી કરી હતી. મેચની 76મી મિનિટે સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં આવેલા સાયલ લારિને માત્ર 2 જ મિનિટ બાદ, એટલે કે 78મી મિનિટે પ્રોમિસ ડેવિડના પાસ પર શાનદાર ગોલ કરીને સ્કોર 1-1થી બરાબર કરી દીધો હતો.

કેનેડાના ફૂટબોલ ઇતિહાસમાં વર્લ્ડકપનો આ માત્ર બીજો 'ગોલ' છે. આ પહેલા કેનેડા 1986 અને ચાર વર્ષ પહેલા કતાર વર્લ્ડકપમાં પોતાની બધી મેચ હારી ગયું હતું. હવે આ ગ્રુપમાં કેનેડા અને બોસ્નિયા બંનેની આગામી મેચો 18 જૂને અનુક્રમે કતાર અને સ્વિટ્ઝર્લેન્ડ સામે રમાશે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### આસામમાં વાયુસેનાનું...

ગયા હતા અને અગનજ્વાળાઓમાં લપેટાઇ ગયું હતું. AN 32 એ સોવિયત ડિઝાઈનનું બે એન્જિન વાળું ટર્બોપ્રોપ ટ્રાન્સપોર્ટ વિમાન છે. એએન-૩૨ વિમાનો દાયકાઓથી ભારતીય વાયુસેનામાં એક ભરોસાપાત્ર 'વર્કહોર્સ' તરીકે સેવા આપી રહ્યા છે, જે જવાનોને લાવવા-લઈ જવાનું અને વિશ્વના કેટલાક સૌથી દુર્ગમ વિસ્તારોમાં જીવનજરૂરી પુરવઠો પહોંચાડવાનું કામ કરે છે. આ વિમાનોની ઓપરેશનલ લાઈફ વધારવા માટે તેના કાફલામાં અત્યાર સુધીમાં ઘણી વખત અપગ્રેડેશન કરવામાં આવ્યું છે. જો કે, ભારતીય વાયુસેના લાંબા સમયથી પરિવહન વિમાનોના આ જૂના થઈ રહેલા કાફલાને બદલવાનું વિચારી રહી છે.

### શત્રુ બેલિસ્ટિક...

રહે, તો બીજું લેયર એક્ટિવ થઈ જાય છે. એટલે કે, જો એક ડિફેન્સ લેયર નિષ્ફળ જાય, તો પણ બીજી લેયર સુરક્ષા માટે હાજર રહે છે. નેવલ એન્ટી-શિપ મિસાઈલ-મીડિયમ રેન્જ (NASM-MR) નું પ્રથમ ઉડાન-પરીક્ષણ પણ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું.

### જીવતી મિસાઇલ...

એક્સપ્લોઝિવ ઓર્ડનન્સ ડિસ્પોઝલ (ઈઓડી) ટીમને ઘટનાસ્થળે મોકલી. આ સમગ્ર ઓપરેશનનું કો-ઓર્ડિનેશન ગુરુગ્રામ સ્થિત ભારતીય નૌસેનાના ઈન્ફોર્મેશન ફ્યુઝન સેન્ટર-ઈન્ડિયન ઓશન રીજન (આઈએફસી-આઈઓઆર) દ્વારા કરવામાં આવ્યું હતું.

તપાસમાં બહાર આવ્યું કે, મિસાઈલે ઓઈલ ટેન્કરના બહારના ભાગને ચીરીને અનેક હિસ્સાઓને નુકસાન પહોંચાડ્યું હતું અને અંતે તે ફ્યુઅલ ટેન્કમાં જઈને ફસાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં સહેજ પણ ચૂક મોટા ધમાકાનું કારણ બની શકતી હતી.

### લેફ્ટનન્ટ જનરલ...

સેનાના આધુનિકીકરણમાં તેમના યોગદાન માટે વ્યાપકપણે ઓળખાતા આ અધિકારીએ આર્મી હેડક્વાર્ટરના વ્યૂહાત્મક આયોજન અને ક્ષમતા વિકાસ વર્ટિકલ્સમાં મુખ્ય નિમણૂકો સંભાળી છે.

વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, લેફ્ટનન્ટ જનરલ સેઠે ક્ષમતા રોડમેપ અને લાંબા ગાળાની દળ રચનાની પહેલો હાથ ધરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

### ઓમાન ખાડીમાં...

વાતચીતમાં આ વાત કહી હતી. શનિવારે જયશંકરે રુબિયો સાથે ફોન પર વાત કરીને ઓમાનના દરિયાકાંઠે જહાજો પર અમેરિકી હુમલામાં ભારતીય નાગરિકોના મોતના મામલે સખત વિરોધ નોંધાવ્યો હતો. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે, વિદેશ મંત્રીએ એ વાત પર ભાર મૂક્યો હતો કે તમામ વ્યાપારી જહાજોએ તાત્કાલિક અમેરિકન દળોના આદેશોનું પાલન કરવું જોઈએ, કારણ કે તેઓ હોર્મુઝની સામુદ્રધુનીમાં શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે.

### TMC સાંસદ...

તાત્કાલિક અભિષેકના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા અને સર્ચ ઓપરેશન પૂરું ન થયું અને પોલીસ ત્યાંથી નીકળી ન ગઈ ત્યાં સુધી તેઓ ત્યાં જ રોકાયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડાનો મુખ્ય હેતુ અભિષેકના અંગત મદદનીશ સુમિત રોયને શોધવાનો હતો, જે સાલબોની પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા નાણાકીય છેતરપિંડીના કેસમાં વોન્ટેડ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, રોયનું મોબાઈલ લોકેશન છેલ્લે બેનર્જીના કાલીઘાટ નિવાસસ્થાને ટ્રેસ થયું હતું, જેના કારણે તપાસકર્તાઓએ આ ઓપરેશન હાથ ધર્યું હતું. છે.

તપાસ ટીમની અંદરના સૂત્રોએ જણાવ્યું કે વ્યાપક સર્ચ ઓપરેશન છતાં રોય મળી આવ્યા ન હતા અને ટીમ કોઈ પણ વસ્તુ જપ્ત કર્યા વિના ત્યાંથી પરત ફરી હતી.આ સમગ્ર કાર્યવાહી દરમિયાન કાલીઘાટના પટુઆપારા વિસ્તારમાં આવેલા આ નિવાસસ્થાનની આસપાસ ભારે સુરક્ષા ગોઠવવામાં આવી હતી અને આસપાસના વિસ્તારમાં કેન્દ્રીય દળો તૈનાત કરવામાં આવ્યા હતા, જ્યારે કાલીઘાટ અને ભવાનીપુર પોલીસ સ્ટેશનના જવાનોએ સર્ચ ટીમને મદદ કરી હતી. પોલીસની આ કાર્યવાહી પર ટીએમસીએ આકરી પ્રતિક્રિયા આપી છે. 'X' પર એક ટૂંકી પોસ્ટમાં પાર્ટીએ કહ્યું, રાજકીય બદલાની ભાવના ખરાબથી વધુ ખરાબ થઈ રહી છે. સાંસદ સાગરિકા ઘોષે X પર લખ્યું, કોઈ પુરાવા નથી. કોઈ ગેરરીતિ નથી. કંઈપણ નથી. આ કાર્યવાહીને રાજકીય બદલો, ડરાવવાની અને માનસિક ત્રાસ આપવાની ઘટના ગણાવતા ઘોષે આરોપ લગાવ્યો કે જે નેતાઓ ભાજપ સામે ઝૂકવા તૈયાર નથી તેમને જાણીજોઈને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ભાજપે આ આરોપોને ફગાવી દેતા જણાવ્યું હતું કે તપાસ એજન્સીઓ સ્વતંત્ર રીતે કામ કરી રહી છે અને કોઈ પણ વ્યક્તિ કાયદાથી ઉપર નથી.

### તાળુ તોડીને...

કર્યો હતો અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સવારે લગભગ ૭.૩૦ વાગ્યે પોલીસ ટીમ ત્યાંથી રવાના થયા બાદ અભિષેકે પત્રકારોને જણાવ્યું હતું કે, "તેઓએ તાળું તોડ્યું અને આખા ઘરની તલાશી લીધી. તેઓએ લગભગ દોઢ કલાક સુધી તપાસ કરી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું રોય ત્યાંથી મળી આવ્યા હતા, તો ટીએમસી નેતાએ કહ્યું, તમારે આ સવાલ એ પોલીસને પૂછવો જોઈએ જેણે મારા ઘરની ઝીણવટભરી તપાસ કરી છે. હું પોલીસનો પ્રવક્તા નથી. રાજ્યસભાના સાંસદ સાગરિકા ઘોષે આરોપ લગાવ્યો હતો કે પોલીસ સવારે લગભગ 3 વાગ્યે બેનર્જીના નિવાસ્થાને પહોંચી હતી અને ત્યારબાદ સર્ચ શરૂ કરતા પહેલા તાળું તોડવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમને બોલાવવામાં આવી હતી.

## આજનું પંચાંગ

**તા. 14/06/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અ.જેઠ
**તિથિ:** વદ, ચૌદસ: 12:12
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 24
**યોગ :** ધૃતિ **કરણ:** ચતુષ્પદ
**નક્ષત્ર :** રોકૌણી: 22:16
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 05:58 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:19
**નવકારસી :** 06:46
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 04થો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હલ માસનો 27મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સવારે:- 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઘરમાં શુભ પ્રસંગ નિમિત્તે અવર-જવર વધશે. શુભ સમાચાર મળે. હિત શત્રુઓથી સાવધાન. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી-ધંધા તેમજ કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે. ગુપ્ત ભય સતાવે.

**મિથુન (ક,છ,ઘ,):** કોઇની અપેક્ષા રાખવી નહી. ખર્ચા વધશે. કૌટુંબિક સમસ્યા સતાવે. ઉધાર લેવાનું ટાળવું. પ્રવાસમાં સાવધાન.

**કર્ક (ડ,હ,):** પ્રેમમાં ભેટની આદાન-પ્રદાનથી વિશ્વાસ વધશે. ઇર્ષાળુ મિત્રોથી સાવધાન. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** કામકાજમાં નવા ફેરફાર થાય. નવા સોદા પાર પડે. સમાજમાં સાવધાન રહેવું. નોકરીમાં જવાબદારી વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** પૂજા-પાઠ થાય. ધાર્મિક પ્રવાસ થાય. પ્રવાસમાં જૂના મિત્રો મળે. બૌદ્ધિક કાર્ય પાર પડે. મન શાંત રહે.

**તુલા (ર,ત,):** કિંમતી વસ્તુઓનું ધ્યાન રાખવું. કોઇની વાતોમાં આવવું નહીં. આરોગ્ય નરમ રહે. શુભ સમાચાર મળે.

**વૃશ્ચિક (ન,ય,):** કોર્ટ, કચેરી, સરકારી કામ સમાજ સેવા અને રોજની પ્રવૃત્તિમાં અનુકુળતા રહે. ઉપરી વર્ગ સાથે ઘર્ષણ ટાળવું

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સહકર્મીઓનો સાથ મળે. ઉપરી વર્ગની મદદ મળે. ગુપ્ત શત્રુઓથી સાવધાન. કાયદા બાબતે મદદ મળે.

**મકર (ખ,જ,):** કોઈની વાતોમાં વિચાર બદલવા નહી. ભાગ્યનો સાથ મળે. સંતાનોનો કામ થાય. આવક વધારવાની તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘર, જમીન, મિલકત બાબતે અનુકુળતા થાય. બહારના કામની ચિંતા સતાવે. ઘરમાં અવર-જવર રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિવાદથી બચવું. અટકેલા કામમાં ગતિ આવે. નોકરીની યોજના પાર પડે. મિત્રોની મદદથી નવી યોજના બને.

## કોઈ પણ સાલમાં 14 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં ગતા ફેરફારથી અનુકૂળતાની સાથે જવાબદારી અને સ્થાનફેરથી દોડધામ વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણી આવે. સમાજમાં માન વધે. પરિવારની અપેક્ષા વધે. હરીફોની હેરાનગતિ વધે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વર્ષ દરમિયાન મદદ માંગતી રહે. ગુપ્તભય સતાવે. વિદેશના કામમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. આરોગ્ય સામાન્ય રહે. મિત્રો વડીલોની મદદ આવક વધારવાની યોજનામાં મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન-ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05-14,23 તારીખે નવા કામ કરવા. લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. જૂન-જુલાઇ શનિવાર 7, 16, 25 તારીખે નવા કામ ટાળવા. લાલ, કાળો રંગ ઉપયોગમાં ટાળવો. બુધવારના ઉપાય કરતા રહેવું

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### સંધિવા

સાંધાના દુઃખાવા માટે કરંજ અને નગોડ ના પાન વાટી પોટલી બનાવી લો, તેમાં થોડું કપૂર ભેળવો.

ચૂલા પર લોખંડની તવી મૂકી ગરમ થાય એટલે તે પર પોટલી ગરમ કરી દુખતા સાંધા પર સેક કરવો. Spondygo મલમ લગાડો